647510 **0101201E2042** **Seat No :________**

**B.A. Semester - 2 (*CBCS*) Examination**

**March/April - 2023 (OLD COURSE)**

**GUJ. : P4 SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-2)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

**પ્રશ્ન.૧ નીચે આપેલ ગદ્યખંડનું વિવરણ કરો.** (૧૪)

"કવિતા એ આત્માની કલા છે. આત્માના ખાસ ધર્મો-ચૈતન્ય વ્યાપન અને અનેકતામાં એકતા એ કવિતામાં અવશ્ય હોવા જોઇએ. જે કવિતામાં ચૈતન્ય નથી, તે કવિતા જ નથી. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઇએ. આત્મા જેમ પિંડમાં અને બ્રહ્માંડમાં હૃદયમાં અને કૃતિમાં અને એ ત્રણેથી પર પરમાત્મા રૂપમાં બિરાજી રહેલો છે. તેમ કવિતા પણ મનુષ્યનાં બુદ્ધિ, હૃદય, કૃતિ અને અંતરાત્મા એટલે ધાર્મિકતા એ સૌની જરૂરીયાતો સંતોષે એવી હોવી જોઇએ. કવિતામાં રહેલો ત્રીજો આત્મધર્મ અનેકતામાં એકતા છે. એક જ મુખ્ય બિંદુની આસપાસ અનેક પાત્રો, પ્રસંગો, ઉક્તિઓ રસવૈવિધ્ય અને વર્ણનો રચવા તેમાં કવિનું માહત્મ્ય રહેલું છે." **– આનંદશંકર ધ્રુવ**

**અથવા**

**પ્રશ્ન.૧** "દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજૂ કરે છે. અને તેનાં સત્યને હૃદયગમ્ય કરે છે. વિવેચન હવે આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્ય સ્ફૂટ કરે છે. એટલું જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચન એ સાચા જીવતા સર્જન સાહિત્યને વાડમય પ્રાણ-ધબકાર છે. જે વિવેચનથી જ સર્જન સાહિત્ય નવે નવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે. નવા યુગને ગ્રાહ્ય થાય છે. સાચું સર્જન અને સાચું વિવેચન ભાવના, ચિંતન અને વિચારોને ભાવિ જોડે પણ બતાવે છે? સર્જન અને વિવેચન બંને પોતપોતાનાં જમાનાની જીવન ફિલસૂફી પડે છે. **– રા.વિ. પાઠક**

**પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** (૧૪)

"એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે. તેમ તેમ વધુને વધુ જ્ઞાનપ્રાપ્તિ થઇ જશે. જ્ઞાન પ્રાપ્તિનો આજ માત્ર ઉપાય છે. બૂટ પોલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે તેટલો તે જોડો વધારે ચમકવાળો બનાવશે. એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઇઓ વધુ સારી રસોઇ બનાવશે. ધન મેળવવામાં, ઇશ્વરની આરાધના કરવામાં અને અન્ય કોઇ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું કાર્ય વધારે સારું થશે. માનવીઓની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધુ જ્ઞાન ક્યાં મેળવાયુ છે? આપણે એના દ્વાર કેમ ખખડાવવાં તે જાણીયે, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો? તે પિછાનીએ તો જગત તેના રહસ્યો આપણી સમક્ષ ખુલ્લા કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે."
**– સ્વામી વિવેકાનંદ**

**અથવા**

**પ્રશ્ન.૨** "અલંકાર એ રમ્યતા કે આકર્ષણ વધારવાં કવિ વાપરે, પણ બહુધા તો તે ભાવસત્યનાં આવિષ્કાર માટે આવશ્યક છે. નાના રમકડામાં પણ કૂતરા કે વાંદરાનો આકાર યથાતથ ઉતર્યો હોય તો કૂતરાનું સંવેદન આપણને થાય છે, એમ જ આપણા ઉપમા આદિ અલંકારોને પ્રસંગે બને છે. સુંદરીનાં મુખનું દર્શન ક્વચિત ચંદ્રદર્શન જેટલું જ રમણીય અને આહલાદક લાગે છે. માટે મુખચંદ્ર શબ્દ યોજીએ છીએ. પણ પછી એ શબ્દ સવિવેકથી વપરાય. વપરાતો જ જાય. મુખનો પર્યાય બની જાય ત્યારે કવિને પોતાનો ચમત્કાર અનૂભવ માટે બીજો શબ્દ શોધવો પડે. ભાષાવૃક્ષનું ત્યારે 'મુખચંદ્ર' નું પાનું પાંદડુ થઇને ખરી પડ્યું ગણાય." **– વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

પ્રશ્ન.3 વિરામ ચિન્હો એટલે શું? સમજાવી, તેના વિશે વિસ્તૃત ચર્ચા કરો. (૧૪)

**અથવા**

**પ્રશ્ન.3 નીચેના વાક્યોમાં વિરામ ચિન્હો મૂકી ફરીથી લખો. (કોઇપણ સાત)**

1. કેતકી બહેન સવારે વાંચે છે.
2. સરદાર આપણું લશ્કર વિજયકૂચ કરે રહ્યુ છે
3. ખરેખર આપા દેવાત તો આપા દેવાત જ
4. ભગવાન બુદ્ધ કહે છે અહિંસા પરમો ધર્મ છે
5. નેતાજી ખુરશીનો મોહ છે
6. પણ તારાં અભિમાન ક્યાં ઓછા હતા
7. બેટા હીરબાઇ આહી આવતી રહે
8. ખેલ ખલાસ થયો ભેગા થયેલા લોકો વિખરાઇ ગયા
9. માડી પછેડી લાવ ગાંસડી બાંધીએ

પ્રશ્ન.૪ સમાસ એટલે શું? તે સમજાવી, તત્પુરુષ સમાસ અને બહુવ્રિહી સમાસ વિશે લખો. (૧૪)

**અથવા**

**પ્રશ્ન.૪ નીચેનામાંથી કોઇપણ સાત સમાસનો વિગ્રહ કરી ઓળખાવો.**

| | | | | |
|---|---|---|---|---|
| 1. સ્ત્રી-પુરૂષ | 2. નાલાયક | 3. સર્વજ્ઞ | 4. પાણીપંથો | 5. મંત્રમુગ્ધ |
| 6. કામધેનુ | 7. કથાકાર | 8. મનોહર | 9. હૈંયાસગડી | 10. ત્રિભુવન |

**પ્રશ્ન.૫ નીચે આપેલાં રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય બનાવો.** (૧૪)

| | | |
|---|---|---|
| 1. કોઠે પડવું | 2. ખાટું મોળું થતુ | 3. ચકમક ઝરવી |
| 4. છક્કા છુટી જવા | 5. ડંકો વગાડવો | 6. પીઠ દેવી |
| 7. ઓછું આવવું | | |

**અથવા**

**પ્રશ્ન.૫ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો.**

| | |
|---|---|
| 1. આભ ફાટે ત્યારે થીંગડું દેવુ | 2. ભાવતું હતું તે વૈધે કહ્યુ |
| 3. સસ્તુ ભાડું અને સિદ્ધપુરની જાત્રા | 4. હૈયુ બાળવા કરતા હાથ બાળવા |
| 5. લખ્યા લેખ માટે નહિં | 6. સુથારનુ મન બાવળિયે |
| 7. પારકી આશ સદા નિરાશ | |

******************************